<u>પ્રશ્ન:</u> યથાપ્રવૃત્તકરણ વખતે ૭૦ માંથી ૬૯ કો.કો.સાગ. કેમ ઓછી થાય છે?

<u>સમાધાન:</u> આપણે સમયે સમયે અંતઃકો.કો.સાગ. ની સ્થિતિ કર્મોની સ્થિતિ બાંધીએ છીએ. માની લો કે પહેલા સમયે અંતઃકો.કો.સાગ. ની સ્થિતિ બાંધી. બીજા સમયે માનો કે તેનાથી ઓછું બાંધીએ તો પણ તેનો અંતઃકો.કો.સાગ. બાંધવાનો જ આગળ જવું પડે. ત્રીજા સમયે માનો કે બીજા સમય કરતાં વધારે બાંધીએ તો પણ તેનો અંતઃકો.કો.સાગ. માનો કે બીજા સમય કરતાં વધારે બાંધીએ તો પણ તેનો અંતઃકો.કો.સાગ. બાંધવાનો જ આગળ જવું પડે. માની લો કે ૧ વર્ષ પછી ૨૦ કો.કો.સાગ. ની સ્થિતિ બાંધી, તો પણ અંતઃકો.કો.સાગ. ના Track ઉપર જઈને આગળ વધવું પડે.




જેમાં દારૂ પીધેલો અંતઃકો.કો.સાગ. નો Track મજબૂત થઈ જાય, અંતઃકો.કો.સાગ. ની ઉપર આવીને તો કુંઠ ગાંઠ ના ઓછી જાય તેવું હોય. સ્થિતિને દૂર કરવા માટે ઘણો પ્રયત્ન કરવો પડે, તદુપરાંત <u>સમયે સમયે</u> <u>નો બાંધવા જ કરે છે,</u> એને દારૂ પીધેલી જાય છે.

સ. દર્શન પામવા માટે જીવ જે યથાપ્રવૃત્તકરણ કરે તે "ચરમ યથાપ્રવૃત્તકરણ" કહેવાય. એ પહેલા તો જીવ અનેકવાર યથાપ્રવૃત્તકરણ કરે છે. <u>ચરમ યથાપ્રવૃત્તકરણ</u> કરે એટલે જીવ ૧ પુદ્ગલ પરાવર્તની અંદર આવી જાય. સ. દર્શન પામ્યા પછી જીવનો અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળમાં મોક્ષ થાય જ.

(૪) <u>અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન</u>:

મિથ્યાત્વ મોહનીય કર્મની ગ્રંથિભેદ થયાં પછી, પહેલા અંતર્મુહૂર્ત જેટલા સમયવાળી સ્થિતિમાં રહેલ, મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્‌ગલોને ઉપર નીચે ખસેડી દઈ મિથ્યાત્વના દલિકો વિનાનું <u>ખાલી</u> (Gap) બનાવે છે, એને અંતરકરણ કહે છે. <u>અંતરકરણ એટલે આંતરું કરવું</u>, Gap કરવી.

જ્યારે જીવ અંતરકરણમાં પ્રવેશ કરે છે ત્યારે <u>પ્રથમ સમયે</u> જ મિથ્યાત્વ મોહનીય કર્મ ન હોવાથી તેને <u>ઉપશમ સમ્યક્ત્વની</u> પ્રાપ્તિ થાય છે. દૃષ્ટિ સમ્યગ્ - સાચી બની જાય છે પરંતુ ભોગો તરફથી વિરતી નથી એટલે "<u>અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન</u>" કહેવાય છે.

આ વખતે સુદેવ, સુગુરુ અને સુધર્મ ઉપર પ્રેમ જાગે છે. જીવને સમજાય છે કે આત્મા અને પુદ્‌ગલ જુદા છે. આપણા કર્મ પ્રમાણે સુખ દુઃખની પ્રાપ્તિ થાય છે એવું ભેદ-જ્ઞાન થાય છે. જીવ આ સમજે છે છતાં સંસારના ભોગ-સુખો છોડી શકતો નથી. <u>વૈરાગ્ય છે</u> પણ <u>ત્યાગ</u> નથી. જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે એવી શુદ્ધ માન્યતા ધરાવે છે. પરંતુ ચારિત્ર મોહને મારી શક્યા નથી કે નબળો પાડી શક્યા નથી તેઓ <u>અવિરત સમ્યગ્દૃષ્ટિ</u> છે. અરિહંત જિનેશ્વર જ સુદેવ, પંચમહાવ્રતધારી સુસાધુ જ સુગુરુ અને જિનેશ્વરે કહેલા ધર્મને જ સુધર્મ માને છે. આ ગુણસ્થાને આવેલો આત્મા વધારેમાં વધારે દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્ત જેટલા કાળમાં અવશ્ય મોક્ષે જાય છે. (દેશોન = ઓછું)

**પ્રશ્ન:** સમ્યગ્દૃષ્ટિ જીવ કેવો હોય ?

**સમાધાન:** સમ્યગ્દૃષ્ટિ જીવમાં શમ (સમતા), સંવેગ (મોક્ષ પ્રત્યે તીવ્ર રાગ), નિર્વેદ (સંસાર ભ્રમણનો થાક), અનુકંપા (કરૂણા) અને આસ્તિક્ય (શ્રદ્ધા) ગુણો હોય. પ્રાપ્તિમાં આપેલો ક્રમ ઉલટો છે.

**પ્રશ્ન:** આસ્તિક્ય એટલે શું ?

**સમાધાન:** જીવ અજીવ પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરૂણા, અને માધ્યસ્થ ભાવો હોય. અને અજીવ પ્રત્યે અનિત્યાદિ બાર (૧૨) ભાવના હોય. "ભગવાને કહ્યું છે તે જ સાચું છે" એ દૃઢતાથી સ્વીકારાય તો આસ્તિક્ય છે તેમ કહેવાય.

**પ્રશ્ન:** અનુકંપા એટલે ?

**સમાધાન:** આસ્તિક્ય પૂર્વકની અનુકંપા હોવી જોઈએ. આસ્તિક્ય ન હોય અને માત્ર અનુકંપા હોય તો તે સમ્યક્ દર્શનનું લક્ષણ નથી.

આપણે આપણા માટે જરા કડક દૃષ્ટિથી વિચારવું કે આપણને સ. દર્શન નથી. પણ બીજા માટે સારું વિચારવું કે તે સ. દૃષ્ટિ છે; આ રીતે વ્યવહાર કરવો. આપણને જે અનુષ્ઠાન સાચું લાગે ગમે તેમાં આપણે વધુ પ્રવૃત્ત રહેવું. બીજાને ટોકવા નહિ, પરંતુ બીજાના અનુષ્ઠાનોની અનુમોદના કરવી.

**પ્રશ્ન:** ૪ થા ગુણસ્થાનકનો કાળ કેટલો ?

**સમાધાન:** ૪ થા ગુણસ્થાનકનો કાળ ઓછામાં ઓછો (Minimum) અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ (Maximum) સાધિક 33 સાગરોપમ

<u>પ્રશ્ન</u>: સાધિક 33 સાગરોપમ, સ. દર્શનમોહનીય કેવી રીતે ?

<u>સમાધાન</u>: અનુત્તરવાસી દેવનું Maximum આયુષ્ય 33 સાગરોપમ છે. પૂર્વજન્મમાંથી direct અનુત્તરદેવલોકમાં જન્મ લીધો એટલે તેને ૪થું ગુણસ્થાન મળ્યું. હવે અનુત્તર દેવલોકમાંથી જ્યારે મનુષ્યમાં જન્મ પામે ત્યારે ૮ (આઠ) વર્ષ પહેલાં ચારિત્ર ગ્રહણ કરે. પરંતુ ૮ વર્ષનો ગાળો ૪થા ગુ.સ્થાનનો છે. એટલે 33 સાગરોપમ ઉપર આટલો સમય વધારે, માટે ~~સાધિક~~ સાધિક 33 સાગ. કહેવાય.

<u>પ્રશ્ન</u>: સ. દેરાસર જઈ, શું ભગવાને કહ્યું છે તેમ બધું જ કરે ?

<u>સમાધાન</u>: ના, એવું સો ટકા (100%) ન <u>પણ</u> કરે પરંતુ પરમાત્માના વચનોમાં તેને દૃઢ <u>શ્રદ્ધા</u> હોવી જોઈએ. પોતે નહિ કરતો હોય એ પોતાની નબળાઈ છે એમ <u>કબૂલ કરે</u>. ભગવાનની આજ્ઞા હું સંપૂર્ણ પણે પાળી શકતો નથી એટલું તો <u>મનમાં જરૂર</u> હોવું જોઈએ. ભગવાને જે કહ્યું છે તે પ્રમાણે જગતનું સ્વરૂપ છે. કદાચ અમુક વાતો આપણા મગજમાં ન ઉતરે પરંતુ વીતરાગ સર્વજ્ઞ પ્રભુ કદી અસત્ય ન બોલે એવી અતૂટ શ્રદ્ધા હોવી જ જોઈએ.

(૫)

- મોહનીય કર્મ
  - દર્શનમોહનીય (૩ ભેદ) ← સમ્યક્ દર્શન (શ્રદ્ધા) અટકાવે
    - સમ્યક્ત્વમોહનીય
    - મિથ્યાત્વમોહનીય
    - મિશ્રમોહનીય
  - ચારિત્રમોહનીય (૨૫ ભેદ) ← સમ્યક્ ચારિત્ર (આચરણ) અટકાવે.
    - કષાયમોહનીય (૧૬)
      - અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ → સમ્યક્દર્શન અટકાવે
      - અપ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયે-લોભ → દેશવિરતિ અટકાવે (૪)
      - પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માય-લોભ → સર્વવિરતિ અટકાવે (૪)
      - સંજ્વલન ક્રોધ-માન માયા-લોભ → કેવળજ્ઞાન અટકાવે (૪)
    - નોકષાયમોહનીય (૯)
      - હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા (૬)
      - સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ (૩)

દર્શન સપ્તક : અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ (૪)
+ સમ્યક્ત્વ મોહનીય ૧, મિશ્રમોહનીય ૧, મિથ્યાત્વ મોહનીય ૧

<u>પ્રશ્ન:</u> કર્મના રસોદય અને પ્રદેશોદયમાં શું ફરક છે?

<u>સમાધાન:</u> રસોદય એટલે જેટલું તીવ્ર કર્મ બંધાયુ હોય તેટલી તીવ્રતાથી ભોગવવું. દા.ત. અનંતાનુબંધી કષાયના રસને અનંતાનુબંધી રૂપે ભોગવવું તે રસોદય કહેવાય.

પ્રદેશોદય એટલે બંધાયેલા કર્મની તીવ્રતાને મંદ કરીને ભોગવવું અથવા પર રૂપે સંક્રમાવીને ભોગવવું. દા.ત. અનંતાનુબંધી કર્મને અપ્રત્યાખ્યાની બનાવીને ભોગવવું તે અનંતાનુબંધીનો પ્રદેશોદય કહેવાય.

એક સાદા ઉદાહરણથી <u>મોહનીય</u> કર્મનો રસોદય અને પ્રદેશોદય સમજીએ.

ધારોકે ભોજન માટે બનાવેલું શાક બહુ તીખું છે. તેને જેમ છે તેમ ખાવું તે <u>રસોદયથી</u> ખાધું કહેવાય.

પરંતુ તેને મોળા શાકમાં ભેળવીને ખાવું તે પ્રદેશોદયથી ખાધું કહેવાય.

એટલે મોળામાં સંક્રમાવીને તીખાશનો ઉપશમ થયો કહેવાય.

<u>જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય</u> કર્મોનો રસોદય અને પ્રદેશોદય સમજી, કર્મના ઉદય વખતે તીવ્ર રસને મંદ કરે તે ઉપશમ, અને મંદ થયેલા રસને <u>પોતાના રૂપે</u> (પરમાં સંક્રમાવીને નહિ) ભોગવે તે ક્ષય.

દા.ત. તીખા શાકને જેમ છે તેમ ખાવું તે રસોદયથી ખાધું કહેવાય.

પરંતુ તીખા શાકમાં ખાંડ કે દહીં નાંખીને તેની તીવ્રતાને મંદ કરવી તે પ્રદેશોદય. આ રીતે તીખાશનો ઉપશમ થયો કહેવાય.

પ્રશ્ન: જીવ પહેલીવાર ઉપશમ સ. પામે ત્યારે અનંતાનુબંધિ કષાયો શું શું હોય?

સમાધાન: જીવ પહેલીવાર ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે ફક્ત મિથ્યાત્વ મોહનીયનો જ ઉપશમ હોય, અને અનંતાનુબંધિ કષાયનો ક્ષયોપશમ હોય.

પ્રશ્ન: અનંતાનુબંધિ કષાયનો ક્ષયોપશમ એટલે શું?

સમાધાન: કષાયો મુખ્ય ૪ છે અને દરેકના ૪-૪ ભેદ ગણતા કુલ ૧૬ કષાયો હોય છે. અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન ગણતાં કુલ એમ ૪ મુખ્ય કષાયો છે. અને દરેકના ક્રોધ, માન, માયા, લોભ ગણતાં કુલ ૧૬ કષાયો હોય.

હવે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત હોય ત્યારે મિથ્યાત્વ મોહનીયનો ઉપશમ હોય અને અનંતાનુબંધિ કષાયનો રસોદય ન રહે, પણ તેને મંદ રસવાળો કરે. અનંતાનુબંધિ કષાયનો રસ, ૧૨ કષાયોમાં (અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલનમાં) ઠાલવીને, ૧૨ કષાય રૂપે ઉદયમાં લાવે તેને અનંતાનુબંધિનો ક્ષયોપશમ કહેવાય. એટલે અનંતાનુબંધિનો પ્રદેશોદય છે પણ રસોદય નથી.

આ રીતે મિથ્યાત્વ મોહનીયનો સર્વથા અનુદય (ઉદયનો અભાવ) એટલે નહિ રસોદય + નહિ પ્રદેશોદય. અને અનંતાનુબંધિનો પ્રદેશોદય ચાલુ રહે. (રસોદયનો અભાવ) આવું જે સમ્યક્ત્વ પ્રાપ્ત હોય તેને ઉપશમ સમ્યક્ત્વ કહેવાય.

**પ્રશ્ન:** ક્ષયોપશમ સમ્યક્ત્વ એટલે શું? તે વિસ્તારથી સમજાવો.

**સમાધાન:** દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ છે. સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય. તેની સાથે અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ, એ ચાર પ્રકૃતિ મળીને દર્શન સપ્તક બને છે.

દર્શન સપ્તકની ૭ પ્રકૃતિમાંથી સમ્યક્ત્વ મોહનીયનો ઉદય અને બાકીની ૬ પ્રકૃતિઓનો ઉપશમ હોય ત્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેવાય છે. અહીં મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયના દલીકો જે તીવ્ર રસવાળા હતા તેને મંદ કરીને એટલે કે સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમાવવામાં આવે અને પર રૂપે ઉદયમાં લાવવામાં આવે તેને મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયનો ક્ષયોપશમ કહેવાય. એટલે કે મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયનો પ્રદેશોદય છે પણ રસોદય નથી; જ્યારે સમ્યક્ત્વ મોહનીયનો રસોદય છે.

અનંતાનુબંધીનો ક્ષયોપશમ કઈ રીતે થાય તે આગળના પ્રશ્નમાં સમજાવ્યું છે.

આ રીતે દર્શનસપ્તકના મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય તેમજ અનંતાનુબંધી કષાયોનો તીવ્ર રસ મંદ કરવો તે ઉપશમ અને પર રૂપે ભોગવીને (ઉદયમાં લાવીને) નિકાલ કરવો તે ક્ષય.

આ રીતે ક્ષયોપશમ સમજવો.

<u>પ્રશ્ન:</u> અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીનો ક્ષયોપશમ ક્યારે કહેવાય ?

<u>સમાધાન:</u> અપ્રત્યાખ્યાની કષાયનો ક્ષયોપશમ એટલે અપ્રત્યાખ્યાની કષાયને મંદ કરીને ચાર પ્રત્યાખ્યાની અને ચાર સંજ્વલન એમ આઠ કષાયમાં સંક્રમાવીને આઠ કષાય રૂપે ઉદયમાં લાવવામાં આવે તેને અપ્રત્યાખ્યાનીનો ક્ષયોપશમ કહેવાય. તે વખતે પાંચમું <u>દેશવિરતિ</u> ગુણસ્થાન આવે.

પ્રત્યાખ્યાની કષાયનો ક્ષયોપશમ એટલે પ્રત્યાખ્યાની કષાયને મંદ કરીને સંજ્વલન કષાયમાં સંક્રમાવી સંજ્વલન રૂપે ઉદયમાં ~~લાવીને~~ લાવીને ભોગવવો. તે વખતે છઠ્ઠું <u>સર્વવિરતિ</u> ગુણસ્થાન આવે.

<u>પ્રશ્ન:</u> મિથ્યાત્વી મનુષ્ય પરભવનું આયુષ્ય બાંધે તો કઈ ગતિનું બાંધે ?

<u>સમાધાન:</u> મિથ્યાત્વી મનુષ્ય, મિથ્યાત્વ અવસ્થામાં જ જો પરભવનું આયુષ્ય બાંધે તો ચારમાંથી <u>ગમે તે</u> ગતિનું આયુષ્ય બાંધે.
પરંતુ ~~સમકિત~~ સમ્યક્ત્વ પામેલો મનુષ્ય, સમકિત અવસ્થામાં પરભવનું આયુષ્ય બાંધે તો <u>નિયમા દેવનું</u> જ બાંધે.
સમકિત પામેલા તિર્યંચ અને મનુષ્ય, નિયમા દેવનું જ આયુષ્ય બાંધે.
સમ્યક્દૃષ્ટિ દેવ અને નારકીના જીવો નિયમા મનુષ્યનું જ આયુષ્ય બાંધે.

## (૫) દેશવિરતિ ગુણસ્થાન

ચોથા ગુણસ્થાને રહેલા જીવ વૈરાગ્યવાળો છે પણ ત્યાગવાળો નથી. આગળ વધતાં અંશે અંશે ત્યાગ તરફ વળે છે, એટલે અવિરતિમાંથી દેશવિરતિ આવે. અપ્રત્યાખ્યાની કષાયનો મંદ થવાથી દેશવિરતિ ગુણસ્થાન પ્રાપ્ત થાય. આ ગુણસ્થાન કેવળ મનુષ્ય અને તિર્યંચને જ હોય છે. દેવલોક અને નારકમાં વર્ણવેલા જીવો વધુમાં વધુ ચોથા ગુણસ્થાને હોઈ શકે. દેશવિરતિ ગુણસ્થાને રહેલા જીવમાં શ્રાવકના એક અથવા એકથી વધુ વ્રતો આવે છે.

આ ગુણસ્થાને રહેલા જીવને ઉપશમ સમ્યક્ત્વ, અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વ અથવા ક્ષાયિક સમ્યક્ત્વ હોય. ક્ષાયિક સમ્યક્ત્વ પામેલા જીવ ત્રણ + ચાર ભવથી વધુ ભવ કરતો નથી, ક્યારેક પાંચ ભવ પણ કરે છે. દેશવિરતિ ગુણસ્થાને રહેલા જીવને જો આયુષ્યનો બંધ પડે તો નિયમા દેવગતિમાં જ જાય છે.

જો ચોથા ગુણસ્થાને આયુષ્યનો બંધ પડે અને છેવટ્ઠું સંઘયણ હોય તો નિયમા દેવલોકનું આયુષ્ય બાંધે પણ ૪ થા દેવલોકથી ઉપર ન જાય. પરંતુ જો આયુષ્યનો બંધ પડે ત્યારે પ્રથમ સંઘયણ હોય તો જીવ ૧૨ મા દેવલોક સુધી જઈ શકે, પરંતુ આ કાળમાં જીવને પહેલું સંઘયણ નથી.

<u>પ્રશ્ન:</u> દેશવિરતિ ગુણસ્થાને આવનાર જીવ માં શું પરિવર્તન આવે?

<u>સમાધાન:</u> દેશવિરતિનો અર્થ છે કે જીવનમાં મર્યાદા આવવાની શરૂઆત થઈ. એના જીવનમાંથી [illegible] નીતરવા માંડ્યું અને સાધક ભાવની શરૂઆત થઈ. સંયમ શરૂ થયો.

હવે જીવનમાં જે યોગ્ય હશે તે જ કરશે, જે યોગ્ય નહીં હોય તેનો નાશ કરશે. પોતાની ઊર્જાને એક જગ્યાએ સંગ્રહિત કરી અને ઊંડા ઊતરવાની શરૂઆત થઈ.

નદી બનવું હોય તો કિનારો જોઈશે, તો જ સાગર સુધી પહોંચાય. જો મર્યાદા તૂટી ગઈ તો સાગર સુધી ક્યારેય ના પહોંચાય. સાગર સુધી પહોંચવા માટે નદીને કિનારો મળવો જરૂરી છે.

પાંચમા ગુણસ્થાનનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાળ દેશોનપૂર્વક્રોડ વર્ષ ગણાય છે.

<u>પ્રશ્ન:</u> પૂર્વક્રોડ વર્ષ એટલે શું?

સમાધાન: ૮૪ લાખ × ૮૪ લાખ = ૧ પૂર્વ

૭૦૫૬ × ૧૦$^{૧૦}$ = ૧ પૂર્વ

૧ ક્રોડ પૂર્વ એટલે ૭ મીંડા વધા

૭૦૫૬ × $10^{10} \times 10^{7}$ = ૭૦૫૬ × ૧૦$^{૧૭}$ = પૂર્વક્રોડ વર્ષ

(૬) સર્વવિરતિ ગુણસ્થાનક: અથવા પ્રમત્ત સંયત ગુણસ્થાનક

પ્રત્યાખ્યાની કષાયને મંદ કરી, સંજ્વલનમાં સંક્રમાવી, સંજ્વલન રૂપે ઉદયમાં લાવીને ભોગવતાં સર્વવિરતિ ગુણસ્થાન પ્રાપ્ત થાય. આ ગુણસ્થાને રહેલો જીવ દિક્ષા ગ્રહણ કરી, પાંચ મહાવ્રત સ્વીકારી, સાધુ જીવન સ્વીકારે છે, વિરતી છે અને પ્રમાદ પણ છે, તેથી તેને પ્રમત્ત સંયત ગુણસ્થાન પણ કહે છે. પાંચ પ્રકારના પ્રમાદ છે. આળસ, વિષયરાગ, કષાય સેવન, નિદ્રા અને વિકથા.

આ ગુણસ્થાને આવેલો જીવ પાંચ મહાવ્રતો —
સર્વથા પ્રાણાતિપાત વિરમણ વ્રત, સર્વથા મૃષાવાદ વિરમણ વ્રત, સર્વથા અદત્તાદાન વિરમણ વ્રત, સર્વથા મૈથુન વિરમણ વ્રત, અને સર્વથા પરિગ્રહ વિરમણ વ્રત — એકી સાથે સ્વીકારે છે.

આ પાંચ મહાવ્રતો ઉપરાંત છ કાયની રક્ષા, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વગેરે ગુણો પણ જરૂરી છે. છઠ્ઠા ગુણસ્થાનની વિશેષતા એ છે કે વિરતિ છે પણ જન્મોજન્મના રાગ-દ્વેષ-મોહ-લોભના સંસ્કારો અચેતન મનમાં દબાયેલા પડ્યા છે. જીવ ભલે ઉપરથી ક્રોધ ન કરે પણ ક્રોધની તરંગો અચેતન મનમાં ઉઠે છે. તે જ રીતે લોભ ભલે બહારથી ન દેખાય પણ અંદર પડેલો છે જે તક મળતાં બહાર આવે છે.

(૭) અપ્રમત્ત સંયત ગુણસ્થાન

સાતમા ગુણસ્થાને અર્ધયાત્રા પૂર્ણ થાય છે. આ ગુણસ્થાને ભીતરનો દીપક પૂર્ણપણે પ્રગટે છે. અને ભીતરનો અંધકાર પણ ખતમ થઈ જાય છે. પ્રમાદ છોડીને અપ્રમત્ત અવસ્થામાં સંયમશક્તિધારી સાધુ જેટલા સમય માટે આવી જાય તેટલા સમય માટે તે સાતમા ગુણસ્થાને કહેવાય.

ટૂંકમાં સાધુ જીવન સ્વીકારવા છતાં મોહવશ પ્રમાદ દશા આવી જાય તો છઠ્ઠું અને પ્રમાદ વગરની [illegible] અપ્રમત્ત અવસ્થા આવે ત્યારે સાતમું ગુણસ્થાન કહેવાય.

છઠ્ઠું અને સાતમું આ બંને ગુણસ્થાનો ઝૂલતા હીંચકા જેવા છે. બંને ગુણસ્થાનો અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્તન પામ્યા જ કરે છે. છઠ્ઠું-સાતમું ગુણસ્થાન મનુષ્યભવમાં જ આવે છે. હાલમાં પાંચમો આરો હોવાના કારણે ભરત અને ઐરાવત ક્ષેત્રમાં ૧ થી ૭ ગુણસ્થાનો હોય છે.

પ્રમત્ત ગુણસ્થાન સુધી ધર્મધ્યાન ગૌણ અને આર્તધ્યાન મુખ્ય હોય છે, પણ સંજ્વલન કષાયનું હોય છે, જેથી તેમાં તીવ્રતા નથી. જ્યારે અપ્રમત્ત સંયત ગુણસ્થાને મુખ્યત્વે ધર્મધ્યાન હોય છે.

૪ થી ૭ ગુણસ્થાનોમાં ત્રણે પ્રકારના (ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક) સમ્યક્ત્વ હોઈ શકે છે.

<u>પ્રશ્ન</u>: અનાદિનો મિથ્યાત્વી જીવ પ્રથમવાર ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે પાંચમા- છઠ્ઠા- કે સાતમા ગુણસ્થાનો પણ હોઈ શકે. આ કેવી રીતે શક્ય છે?

<u>સમાધાન</u>: અનાદિના મિથ્યાત્વી જીવો મિથ્યાત્વ અવસ્થામાં જ દેશવિરતિ કે સર્વવિરતિ લીધેલી હોય તો <u>એકડા વગરના મીંડાની</u> જેમ <u>અવિરતિ જ ગણાય</u> છે.

દ્રવ્યથી ભલે દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાન કહેવાય પણ ભાવથી પહેલા ગુણસ્થાન જ હોય છે.

પરંતુ આવા જીવો ત્રણ કરણ કરીને અંતરકરણમાં પ્રવેશતા પ્રથમવાર ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે મીંડાની પહેલા એકડો રૂપી સમ્યક્ત્વ આવવાથી મીંડાની પણ ગણત્રી થાય છે.

હવે આવા જીવને મિથ્યાત્વ અવસ્થામાં દેશવિરતિ કે સર્વવિરતિ લીધેલી હતી તો હવે અવિરતિ ગણાતી નથી કારણ કે ઉપશમ સમ્યક્ત્વ આવ્યું છે. તેથી જીવને જો દેશવિરતિ હોય તો પાંચમું ગુણસ્થાન અને સર્વવિરતિ હોય તો છઠ્ઠું ગુણસ્થાન અથવા છઠ્ઠું - સાતમું ગુણસ્થાન કહેવાય છે.

ઉપશમ સમ્યક્ત્વ પામતા પહેલા જીવને મિથ્યાત્વ હોવાથી દીક્ષિત અવસ્થામાં હોવા છતાં પણ છઠ્ઠું - સાતમું ગુણસ્થાન હોવાનું ન'તું.